# સુધારો (તા. ૨૪/03/૨0૨0)

<u>વાહન સુવિધા (હંકારનારની સેવા સાથે) પુરા પાડવા અંગે.</u>

<u>પરિશિષ્ટ – ૨</u>

(૨) કામવાર ભરેલ ભાવપત્રકના ટેન્ડર ફોર્મ અલગ અલગ કવરવાળા સંપૂર્ણ વિગતો સાથે **<u>તા.૦૪-૦૪-૨૦૨૦ સુધીમાં નિગમની કચેરીમાં સાંજે ૧૮.૦૦ વાગ્યા સુધીમાં સીલબંધ કવરમાં આર.પી.એડી/ કુરીયરથી મળી જાય</u>** તે રીતે મોકલી આપવાના રહેશે. રૂબરૂમાં કોઇ ટેન્ડર સ્વિકારવામાં આવશે નહીં.

(૩) નિયત સમયમર્યાદામાં મળેલા ટેન્ડરો **<u>તા.૦૯-૦૪-૨૦૨૦ના રોજ ૧૨.૦૦ કલાકે જે તે વિભાગીય કચેરી ખાતે ખોલવામાં આવશે.</u>** જેમાં ટેન્ડર ભરનાર હાજર રહી શકશે.

ગુજરાત રાજય પોલીસ આવાસ નિગમ લિ.
લોકાયુકત ભવનની પાછળ, "છ" રોડ,
સેકટર-૧૦/બી, ગાંધીનગર
ફોન નં-૦૭૯-૨૩૨૫૬૮૦૧ થી ૮૦૬ ફેકસ નં-૦૭૯-૨૩૨૫૬૨૨૦

# જાહેર નિવિદા

## વાહન સુવિધા (હંકારનારની સેવા સાથે) પુરા પાડવા અંગે.

નિગમની વિવિધ વિભાગીય કચેરીઓ ખાતે વર્ષ.૨૦૨૦-૨૦૨૨ (બે વર્ષ) માટે કચેરીમાં વાહન સુવિધા વાહન (હંકારનારની સેવા સાથે) પૂરી પાડવા માટે અનુભવી અને પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી ઠરાવેલા ટેન્ડરો , સીલબંધ કવરમાં રજી.પો.એ.ડી.થી/કુરીયરથી મંગાવવામાં આવે છે. વાહન મોડલ નં-૨૦૧૭ કે તે વ્હીકલ (LMV) પાંચ સીટરનું તેમજ ટેક્ષી પાસિંગ, નોન એ.સી. હોવું જરૂરી છે.

ભરેલા ટેન્ડર ફોર્મ જે તે વિભાગીય કચેરીને રૂા.૩૦૦/- નોન રીફન્ડેબલ તા.૨૪/૦૩/૨૦૨૦ના રોજ ૧૬.૦૦કલાક સુધીમાં મળી જાય તે રીતે મોકલવાના રહેશે. આ અંગેની વધુ માહિતી નિગમની વેબસાઇટ ઉપર (પરિશિષ્ટ-૧ થી ૫ માં) ઉપલબ્ધ છે.

સ્થળઃ ગાંધીનગર.

તારીખ:૦૯/૦૩/૨૦૨૦ મેનેજિંગ ડિરેકટર

E-mail ID: gsphcltd@gmail.com CIN : U45201GJ1988SGC011453

# ગુજરાત રાજય પોલીસ આવાસ નિગમ લિ.

## પરિશિષ્ટ-૧

## વાહનની જરૂરિયાત દર્શાવતું પત્રક.

| ક્રમ | કચેરી | વાહનની સંખ્યા |
|---|---|---|
| (૧) | અમદાવાદ વિભાગીય કચેરી | ૨ |
| (૨) | ગાંધીનગર વિભાગીય કચેરી | ૧ |
| | લુણાવાડા પેટા વિભાગીય કચેરી | ૧ |
| (૩) | મહેસાણા વિભાગીય કચેરી | ૨ |
| | પાલનપુર પેટા વિભાગીય કચેરી | ૧ |
| | મોડાસા પેટા વિભાગીય કચેરી | ૧ |
| (૪) | વડોદરા વિભાગીય કચેરી | ૩ |
| | ગોધરા પેટા વિભાગીય કચેરી | ૧ |
| (૫) | સુરત વિભાગીય કચેરી | ૨ |
| | નવસારી પેટા વિભાગીય કચેરી | ૧ |
| (૬) | રાજકોટ વિભાગીય કચેરી | ૨ |
| | જામનગર પેટા વિભાગીય કચેરી | ૧ |
| | મોરબી પેટા વિભાગીય કચેરી | ૧ |
| | ગાંધીધામ પેટા વિભાગીય કચેરી | ૧ |
| (૭) | જુનાગઢ વિભાગીય કચેરી | ૧ |
| | બોટાદ પેટા વિભાગીય કચેરી | ૧ |
| | ભાવનગર પેટા વિભાગીય કચેરી | ૧ |
| | કુલઃ- | ૨૩ |

# ગુજરાત રાજય પોલીસ આવાસ નિગમ લિ.

## પરિશિષ્ટ – ૨

## વાહન સુવિધા વાહન (હંકારનારની સેવા સાથે) પૂરી પાડવા અંગેના ટેન્ડર અંગેની અગત્યની સૂચનાઓ

(૧) ટેન્ડર ભરનાર એજન્સીએ સંબંધિત કચેરીમાંથી મેળવેલ ટેન્ડર જ ભરીને પરત કરવાનું રહેશે. બહારથી મેળવેલ કે ઝેરોક્ષ કરાવેલ ટેન્ડર માન્ય ગણાશે નહી. કચેરીના સિકકા તથા નંબર સાથેનું જ ટેન્ડર ફોર્મ રૂા.૩૦૦/- નોન રીફન્ડેબલ ભરીને પરત કરવાનું રહેશે.

(૨) કામવાર ભરેલ ભાવપત્રકના ટેન્ડર ફોર્મ અલગ અલગ કવરવાળા સંપૂર્ણ વિગતો સાથે **તા.૨૪-૦૩-૨૦૨૦સુધીમાં નિગમની કચેરીમાં સાંજે ૧૮.૦૦વાગ્યા સુધીમાં સીલબંધ કવરમાં આર.પી.એડી/ કુરીયરથી મળી જાય** તે રીતે મોકલી આપવાના રહેશે. રૂબરૂમાં કોઇ ટેન્ડર સ્વિકારવામાં આવશે નહીં.

(૩) નિયત સમયમર્યાદામાં મળેલા ટેન્ડરો **તા.૨૬-૦૩-૨૦૨૦ના રોજ ૧૨.૦૦ કલાકે જે તે વિભાગીય કચેરી ખાતે ખોલવામાં આવશે.** જેમાં ટેન્ડર ભરનાર હાજર રહી શકશે.

(૪) નિયત તારીખ સમય બાદ મળેલા ટેન્ડરો રદબાતલ ગણાશે.

(૫) ટેન્ડર ભરનારે કોઇ નાણાંકીય સંસ્થા/બેંકના ડિફોલ્ટર નથી તે બાબતનું એકરારનામુ રજૂ કરવાનું રહેશે.

(૬) ટેન્ડર ભરનાર એજન્સી તેમજ તેના વાહન પર કોઇ પોલીસ કેસ થયેલ નથી તે બાબતનું પણ એકરારનામુ રજૂ કરવાનું રહેશે.

(૭) એક કરતાં વધુ કચેરી માટે જો ટેન્ડરો ભરવામાં આવે તો દરેક કચેરીવાર અલગ કવર કરવાનું રહેશે. કવર ઉપર જે તે " વાહન

સુવિધા (હંકારનારની સેવા સાથે) સેવા પુરી પાડવા માટેનું ટેન્ડર” તેવું લખવાનું રહેશે.

(૮) જે તે કચેરી માટે ભરેલ ટેન્ડરના ભાવપત્રકના ટેન્ડર ફોર્મ આ સાથે સામેલ પરિશિષ્ટ-૪ માં ભરવાના રહેશે.

(૯) સી.એન.જી. વાહન માટેનું ભરેલું ટેન્ડર અમાન્ય ગણાશે.

(૧૦) ભરેલા ટેન્ડરો સ્વીકારવા/ ન સ્વીકારવાનો નિર્ણય લેવાનો નિગમને અબાધિત અધિકાર રહેશે.

# <u>ગુજરાત રાજય પોલીસ આવાસ નિગમ લિ.</u>

## <u>પરિશિષ્ટ – ૩</u>

એજન્સી પાસેના વાહનોની માહિતી દર્શાવતું પત્રક

(૧) રજીસ્ટ્રેશન નંબર તેમજ તારીખ -

(૨) કંપનીનું નામ -

(૩) મોડેલ -

(૪) વાહનના માલીકનું નામ -

(૫) માલિકના પાનકાર્ડનો નંબર -

(૬) વાહનનો ટેક્ષ ભર્યાની વિગત -

(૭) અકસ્માત વિમા કંપની/પોલીસી નંબર/ વેલીડીટી -

(૮) ટેક્ષી પાસિંગનું વર્ષ -

(૯) પી.યુ.સી.-

નોંધઃ-

(૧) ઉપરોકત જણાવેલ (૧) થી (૯) મુદ્દાની માહિતી પ્રત્યેક વાહન માટે અલગ શીટમાં આપવાની રહેશે.

(૨) વાહનની રજીસ્ટ્રેશન બુક , ટેક્ષી પાસિંગ સર્ટિફિકેટ , વિમાની પોલીસી તેમજ ટેક્ષી પાસિંગની નકલ ટેન્ડર પાસ થયા બાદ દિન-૧૦માં રજુ કરવાની રહેશે. જો તેમ કરવામાં કસૂર કરશે તો ટેન્ડર રદ થશે.

વાહન માલિકના સહી-સિક્કા

# ગુજરાત રાજય પોલીસ આવાસ નિગમ લિ.

## પરિશિષ્ટ – ૪

વાહન સુવિધા (હંકારનારની સેવા સાથે) પૂરી પાડવા અંગેનું નમુનારૂપ ભાવપત્રકનું ટેન્ડર ફોર્મ

વાહન સુવિધા (હંકારનારની સેવા સાથે) પૂરી પાડવા માટેનું ભાવપત્રક

| અ.નં. | વિગત | કામની પદ્ધતિ | વિગતમાં દર્શાવેલ સમગ્ર કામગીરી માટે ભાવપત્રક |
|---|---|---|---|
| ૧ | વાહન સુવિધા હંકારનારની સેવા સાથે | • ૨૫૦૦ કિ.મી/પ્રતિમાસ માટે<br>• પુરા પાડવામાં આવનાર વાહનની (વાહન હંકારનાર સાથેની) સંખ્યા........ | (૧) એકંદર ભાવ રૂ..........પ્રતિમાસ ૨૫૦૦ લધુતમ કિ.મી. માટે<br>(૨) ઉપર ક્રમ(૧)માં દર્શાવેલ લધુતમ કિ.મી કરતાં વધારાના કિ.મી. માટે પ્રતિ કિ.મી.નો ભાવ રૂ................. |

અર્નેસ્ટ મની ડિપોઝીટની રકમ રૂા.૧૦ ,૦૦૦/- પ્રતિ વાહન દીઠ.

ભર્યાની રસીદની વિગત

ડ્રાફ્ટ/પે ઓર્ડર નંબર-______________________

તારીખ ______________________________

બેંકની વિગત______________________________

કરાર નામાની ઉલ્લેખિત તમામ બોલીઓ અને કામગીરીની શરતો મેં/ અમે વાંચી છે અને તે હું/અમે બરાબર સમજયા છીએ. ઉપર ભાવપત્રકમાં નિર્દિષ્ટ કામનો પ્રકાર અને પદ્ધતિ પણ વાંચી સમજીને સ્વીકારીએ છીએ. આ સર્વે બોલીઓ , શરતો અને કામગીરીની વિગતો અને પદ્ધતિનો કોઇપણ વાંધો, વિરોધ કે તકરાર સિવાય સંપૂર્ણપણે સ્વિકાર કરૂં છું/ કરીએ છીએ અને ભાવપત્રક ભર્યું છે.

| | |
|---|---|
| સ્થળઃ | ટેન્ડર ભરનારની સહી.................. |
| તારીખઃ | સીકકો |
| ટેન્ડર ભરનારનુ નામઃ | એજન્સીનું નામ. |

(* જરૂરી વિગત રાખવી, લાગુ ન પડતી કાઢી નાખવી)

# <u>ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લિ.</u>

## <u>પરિશિષ્ટ – ૫</u>

વાહન સુવિધા(હંકારનારની સેવા સાથે)ની સેવા પુરી પાડવા અંગે નમુનારૂપ કરારનામું.

આ કરારનામું આજે તા. ____________ ના રોજ ____________ મુકામે અમો____________________________ અધિકારી ____________ કચેરી_____ __________(હવે પછી જેમને સક્ષમ સત્તા/કચેરી તરીકે સંબોધવામાં આવશે) તથા ____________________________ (હવે પછી જેમને એજન્સી તરીકે સંબોધવામાં આવશે) તેમની વચ્ચે આથી કરવામાં આવે છે.

આ કરાર એજન્સી દ્વારા ____________ કચેરીમાં વાહન સુવિધા (હંકારનારની સેવા સાથે) સેવાઓ આપવા માટે કરવામાં આવે છે.

વાહન સુવિધા (હંકારનારની સેવા સાથે)ની સેવા એજન્સીએ નીચે દર્શાવેલ શરતોને આધીન પુરી પાડવાની રહેશે.

(૧) વાહન હંકારનાર વ્યકિત , વાહન ચલાવવાની ઠરાવેલ સર્વે લાયકાતો ધરાવતો હોય તે એજન્સીએ જોવાનું રહેશે. ખાસ તો જરૂરી લાયસન્સ ધરાવતો હોય, કલર બ્લાઇન્ડ ન હોય, પંચાવન વર્ષથી વધુ વયનો ન હોવો જોઇએ. જે અંગેના પુરાવાઓ જે તે કચેરીના સંબંધિત અધિકારી સમક્ષ રજુ કરવાન રહેશે.

(૨) વાહન ચાલકે વાહન સાફ-સફાઇ કરી ચોખ્ખું રાખવાનું રહેશે અને દરેક સમયે મુસાફરી માટે તૈયાર રાખવાનું રહેશે.

(૩) વાહન ચાલકે વાહન હંકારતી વખતે ટ્રાફિકના નિયમોનું ચુસ્તપણે પાલન થાય તે જોવાનું રહેશે તેમજ વાહનને કોઇ નુકશાન ન થાય તે રીતે વાહન હંકારવાનું રહેશે.

(૪) વાહન ચાલકોનો ગૃપ/પર્સનલ એકસીડન્ટ પોલીસી હેઠળ જરૂરી વિમો ઉતારવાની જવાબદારી એજન્સીની રહેશે.

(૫) દરેક વાહન હંકારનારો ઇતિહાસ (ચાલચલગત) અંગત વિગતો , વ્યકિતગત પોલીસી તપાસનો અહેવાલ તેમજ સંલગ્ન તમામ બાબતો એજન્સી દ્વારા સંપૂર્ણપણે ખરાઇ કર્યા બાદ જ એજન્સીએ વાહન હંકારનાર પુરા પાડવાના રહેશે. સદરહુ બાબતે જરૂર પડે ચકાસણી બાદ યોગ્ય જણાય તે વ્યકિતને વાહન હંકારનાર તરીકે કચેરી હાજર કરશે.

(૬) એજન્સીએ લેબર કોન્ટ્રાકટ અને પી.એફ.ના નિયમોનો અમલ કરવાનો રહેશે.

(૭) કચેરી અને વાહન હંકારનાર વચ્ચે નોકરી અને તેની આનુસંગિક કોઇપણ બાબત જેવી કે માલિક અને નોકરના સંબંધ અથવા તો અન્ય કોઇ કાયદાકીય જવાબદારી રહેશે નહીં. વાહન હંકારનાર ધ્વારા તેઓની સેવા બાબતે કોઇપણ પ્રશ્નો ઉપસ્થિત થાય તેમાં કચેરીને કોઇપણ સ્વરૂપમાં લેવા દેવા રહેશે નહીં.

(૮) એજન્સીએ શકય હોય ત્યાં સુધી નવા વાહનો અથવા કરારની તારીખથી વધુમાં વધુ ત્રણ વર્ષ પહેલાના સમય સુધીના મોડલના વાહનો પુરા પાડવાના રહેશે, તેનાથી જુના મોડલના વાહનો પુરા પાડી શકાશે નહીં.

(૯) કરાર શરૂ કરતાં અગાઉ એજન્સીએ પુરા પાડવામાં આવનાર વાહનો જે તે કચેરી ખાતે ચકાસણી અર્થે હાજર કરવાના રહેશે. આ ચકાસણી બાદ જે વાહનોની મંજુરી અપાશે, તેમાં બદલાવ કરી શકાશે નહીં.

(૧૦) એજન્સીએ તેની માલિકીના વાહન ઉપરાંત અન્યની માલિકીના વાહનો પુરા પાડવામાં આવે તો મુળ માલિક દ્વારા વાહન ચલાવવા માટે પાવર ઓફ એટર્ની આપતો પત્ર રજુ કરવાનો રહેશે.

(૧૧) દરેક વાહન સારી સ્થિતિમાં ચાલી શકે તે માટે જરૂરી સમારકામ કરાવવાની તેમજ વાહનમાં દાગીના નાખવાની તમામ જવાબદારી એજન્સીની રહેશે , તેમજ વાહન હંમેશા સારી કન્ડીશનમાં રહે , તેનું ખાસ ધ્યાન રાખવાનું રહેશે.

(૧૨) તમામ વાહનોના વેરાઓ જેવા કે, સર્વિસ ટેક્ષ, રોડ ટેક્ષ તેમજ અન્ય તમામ વેરાઓ એજન્સીએ ભરવાના રહેશે.

(૧૩) કચેરી ખાતે પુરા પાડવામાં આવેલ તમામ વાહનોનો કોમ્પ્રીહેન્સીવ પેસેન્જર સહિતનો અકસ્માત વીમો ઉતરાવેલ હોવો જોઇએ. તેમજ તે અંગે ભરેલ પ્રિમિયમની વિગત પુરાવા સહિત જે તે કચેરી ખાતે રજૂ કરવાની રહેશે. તેમજ સદરહું પોલીસી પુરી થાય તે પહેલા સમયમર્યાદમાં તે પુનઃજીવીત (રીન્યુ) કરાવી લેવાની રહેશે અને તે અંગેની સંપૂર્ણ જવાબદારી એજન્સીની રહેશે. અકસ્માતના સંજોગોમાં તમામ પ્રકારના વળતરની જવાબદારી એજન્સીની રહેશે તથા તેને સંલગ્ન કોર્ટ/કચેરી ખર્ચ પણ એજન્સીએ ભોગવવાનો રહેશે.

(૧૪) રાત્રી રોકાણ દરમ્યાન હંકારનાર અને વાહનના આનુષંગિક ખર્ચની જવાબદારી એજન્સીની રહેશે.

(૧૫) ફાળવેલ વાહન અને / અથવા હંકારનારની અનુપલબ્ધિમાં અન્ય વાહન અને / અથવા હંકારનારની તાત્કાલિક તે જ દિવસે અને કચેરી સમયે વૈકલ્પિક વ્યવસ્થા ગોઠવવા એજન્સી બંધાયેલ રહેશે.

(૧૬) આમ છતાં જો એજન્સી વાહન હંકારનાર કે વાહનો પુરા પાડવામાં નિષ્ફળ જાય તો તેને સોપાયેલુ કામ અન્ય એજન્સી પાસેથી કરાવી લેવામાં આવશે અને તેનો ખર્ચ મુળ એજન્સી પાસેથી વસુલ લેવામાં આવશે.

(૧૭) એજન્સી દ્વારા પૂરા પડાયેલ વાહનનું "સ્પીડો મીટર" ચાલું હાલતમાં સારી સ્થિતિમાં ખામી વગરનું હોવું જોઇએ. જો મીટરમાં ખામી જણાય તો સદર હું સ્પીડો મીટર દિન-રમાં ચાલું કરાવવાનું રહેશે. જે એજન્સી બંધનકર્તા રહેશે અને મીટર બંધ હાલતમાં હોય તે સમયગાળા દરમ્યાન કચેરીના અધિકારીશ્રી દ્વારા પ્રમાણિત કરેલ અંતર એટલે કે કિલોમીટર આખરી ગણાશે.

(૧૮) એજન્સી દ્વારા પુરા પડાયેલ વાહનનું "પ્રાથમિક ઉપચાર બોક્ષ " સુસજજ કંડીશનમાં રાખવાનું રહેશે. વાહનમાં પાણીનો જગ, ગ્લાસ વિગેરે રાખવાના રહેશે. વાહન હંકારનારે યુનિફોર્મ પહેરવાનો રહેશે.

(૧૯) એજન્સીએ પ્રત્યેક માસના પ્રથમ અઠવાડિયે કચેરીમાં બિલ રજૂ કરવાનું રહેશે. આ અંગેના બીલની સાથે કિલોમીટરની ચકાસણી અર્થે લોગબુકની નકલ સક્ષમ અધિકારીના સહી સિકકા કરાવીને રજુ કરવાની રહેશે.

(૨૦) આ કરાર બિન તબદીલીપાત્ર છે. એજન્સી પેટા એજન્સી રોકી શકશે નહીં અને સક્ષમ સત્તા/ કચેરીની પૂર્વ મંજુરી સિવાય એજન્સી અન્ય કોઇ એજન્સીને આ કામ તબદીલ કરી શકશે નહીં. અથવા આ કરારની અન્ય કોઇ બાબત અન્ય એજન્સીને તબદીલ કરી શકશે નહીં.

(૨૧) આ કરારનામુ કરાર થયાની તારીખથી બે વર્ષ માટે અમલમાં રહેશે અને ત્યારબાદ પરસ્પર સહમતિથી વધુ એક વર્ષ માટે કરાર લંબાવી શકાશે.

(૨૨) જો એજન્સી આ સેવા સંતુષ્ઠ રીતે પૂરી પાડવામાં નિષ્ફળ નીવડે અને કચેરીને તેની સેવાઓથી અસંતોષ થાય તો એજન્સીની સીકયોરીટી ડિપોઝીટ જપ્ત કરવામાં આવશે અને સેવાઓ સમાપ્ત કરાશે , જે માટે તેને એક માસની લેખિત નોટિસ આપવામાં આવશે અને તેની સેવાઓ સમાપ્ત કરાશે, જે માટે તેને એક માસની લેખિત નોટિસ આપવામાં આવશે. કચેરી આ કારણે થયેલ ખર્ચ , નુકસાન કે અન્ય કોઇપણ મુશ્કેલી માટે જવાબદાર રહેશે નહીં.

(૨૩) આ ઉપરાંત  આ કરારમાં કોઇપણ જોગવાઇ હોય તેમ છતાં , કોઇપણ કારણ દર્શાવ્યા સિવાય સક્ષમ સત્તા/કચેરી એજન્સીને એક માસની નોટિસ આપીને કરારનો અંત લાવી શકાશે. આ રીતે રદ થયેલ કરારના બાકીના સમયગાળાનું કોઇ વળતર આપવામાં આવશે નહીં.

(૨૪) જો એજન્સી કરાર ચાલુ રાખવા ઇચ્છતી ન હોય તો તેણે ૧ માસની નોટિસ આપવી પડશે,  તે પરિસ્થિતમાં તેની સિકયોરીટી ડિપોઝીટ જપ્ત કરવામાં આવશે.

(૨૫) આ કરાર બંને પક્ષકારોને કબુલ-મંજૂર અને બંધનકતાં છે અને તેની સાબિતીરૂપે નીચે જણાવેલ સાક્ષીઓ રૂબરૂ સહીઓ કરી છે.

સ્થળઃ- (૧) ______________________

તારીખઃ- અધિકારીની સહી , નામ અને હોદ્દો

(૨) ______________________

એજન્સીનું નામ/અધિકૃત

પ્રતિનિધિનું નામ , હોદ્દો અને સહી.

સાક્ષીઓની સહીઃ-

(૧)______________________ (૨) ______________________

**(*જરૂરી વિગત રાખવી, લાગું ન પડતી કાઢી નાખવી.)**